# સમાચાર પ્રકાશન

Ontario

**નાણા મંત્રાલય**

# *ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના*

## *2025 ઓન્ટેરિયો બજેટ (અંદાજપત્ર)* પ્રોવિન્સના અર્થતંત્રને મુક્ત કરીને ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવામાં મદદ કરશે

સમાચાર મે 15, 2025

ટોરોન્ટો - આજે, નાણામંત્રી Peter Bethlenfalvy (પીટર બેથ્લેનફાલ્વી)એ *2025 ઓન્ટેરિયો બજેટ* રજૂ કર્યું: *ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના 2025 બજેટ*માં વધુ સ્થિતિસ્થાપક અને આત્મનિર્ભર અર્થતંત્ર બનાવવાની યોજના સાથે, યુ.એસ. ટેરિફ અને સતત આર્થિક અનિશ્ચિતતાનો સામનો કરીને ઓન્ટેરિયોના કામદારો, ધંધાઓ અને નોકરીઓનું રક્ષણ કરવાના ઉપાયો સામેલ છે. *2025 બજેટ* આરોગ્ય સંભાળ, શિક્ષણ અને અન્ય મહત્વપૂર્ણ સેવાઓમાં વધુ રોકાણ કરવાની સાથે સાથે, ઓન્ટેરિયોને રોકાણ કરવાનું, G7 માં નોકરીઓ ઊભી કરવાનું અને ધંધો કરવાનું સૌથી વધુ સ્પર્ધાત્મક સ્થળ બનાવવાના સરકારના લક્ષ્યને આગળ ધપાવે છે.

"અમારી સરકાર મજબૂત, સ્થિતિસ્થાપક અને સ્પર્ધાત્મક અર્થતંત્ર માટે લાંબા ગાળાના પાયાનું નિર્માણ કરવાની સાથે સાથે, ઓન્ટેરિયોનું રક્ષણ કરવા અને કામદારો અને ધંધાઓને તોફાનનો સામનો કરવામાં મદદ મળી રહે તે માટે અમારા આદેશનું પાલન કરી રહી છે", મંત્રી Bethlenfalvy એ જણાવ્યું. "ઓન્ટેરિયોને રક્ષણ મળે તે માટે અમે કામદારો, માળખાગત સગવડો અને સર્વિસીસમાં રોકાણ કરી રહ્યાં છીએ, પછી ભલે તે ગમે તે હોય."

ઓન્ટેરિયોની નાણાકીય સ્થિતિ છેલ્લા એક દસકામાં સૌથી મજબૂત બની છે, જે 2024 માં પ્રોવિન્સને મળેલા બે ક્રેડિટ રેટિંગ અપગ્રેડથી પ્રતિબિંબિત થાય છે. સરકારની યોજના દૂરદર્શી અને જવાબદાર છે, અને ઓન્ટેરિયો 2027-28 સુધીમાં બજેટને સંતુલિત કરવાનો માર્ગ જાળવી રાખે છે. *2025 બજેટ: ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના* અર્થતંત્રને વેગ આપીને, માળખાગત સગવડો ઊભી કરવા માટે વધુ પ્રયત્નો કરીને અને લોકોના ખિસ્સામાં પૈસા પાછા મૂકીને, ઓન્ટેરિયોના લોકો વિશ્વાસ કરી શકે તેવી વધુ સારી સર્વિસીસ પૂરી પાડીને ઓન્ટેરિયોના કામદારો, ધંધાઓ અને પરિવારોને સુરક્ષિત રાખવા માટે એક મહત્વાકાંક્ષી યોજના સાથે આગળ વધે છે.

ઝાંખીઓમાં સામેલ છે:

- એક નવું ક્રિટિકલ મિનરલ પ્રોસેસિંગ ફંડ બનાવવા $500 મિલિયનનું રોકાણ કરવાથી જે ઘરેલુ સ્તરે મહત્વપૂર્ણ ખનિજ પ્રક્રિયા ક્ષમતામાં રોકાણ આકર્ષિત કરીને પ્રોવિન્સના ખનિજ ક્ષેત્રની સંભાવનાઓને બહાર કાઢવામાં મદદ કરશે, જેથી ઓન્ટેરિયોમાં ખોદવામાં આવતા ખનિજોની પ્રક્રિયા ઓન્ટેરિયોના કામદારો દ્વારા ઓન્ટેરિયોમાં કરવાની ખાતરી કરવામાં મદદ મળે.

- સ્વદેશી તકોમાં નાણાકીય સહાયતા આપતા કાર્યક્રમ (અગાઉ એબોરિજિનલ લોન ગેરંટી પ્રોગ્રામ) દ્વારા લોન ગેરંટીની કુલ રકમ ત્રણ ગણી વધારીને $3 બિલિયન કરીને અને ઊર્જા, પાઇપલાઇન્સ, ખાણકામ અને જટીલ ખનિજો, સંસાધન વિકાસ અને અન્ય ક્ષેત્રોમાં પાત્ર પ્રોજેક્ટ્સ સમાવવા વીજળી ક્ષેત્ર ઉપરાંતની પાત્રતાનું વિસ્તરણ કરીને, ઓન્ટેરિયોના વિકાસમાં સ્વદેશી સમુદાયોના રોકાણોને ટેકો આપવામાં મદદરૂપ થવા, સ્વદેશી સમાનતા ભાગીદારીઓ માટે નવા સંસાધનો અને તકોને ટેકો આપવો. સરકાર ખનિજ સંશોધન અને ખાણ વિકાસ સંબંધિત નિયમનકારી પ્રક્રિયાઓમાં સહભાગી થવા ઉચ્ચ ખનિજ પ્રવૃત્તિના ક્ષેત્રોમાં સ્વદેશી સમુદાયો અને સંગઠનોની ક્ષમતા સુધારવા માટે સ્વદેશી સહભાગિતા ભંડોળ (અગાઉ એબોરિજિનલ પાર્ટિસિપેશન ફંડ તરીકે ઓળખાતું) મારફતે ચાર વર્ષમાં $70 મિલિયનનું રોકાણ પણ કરી રહી છે. તેમજ સંસાધન વિકાસમાં કારકિર્દી બનાવવામાં રસ ધરાવતા ફર્સ્ટ નેશન્સ પોસ્ટસેકન્ડરી વિદ્યાર્થીઓ માટે નવી શિષ્યવૃત્તિની તકો ઊભી કરવા ત્રણ વર્ષમાં $10 મિલિયન પૂરા પાડવા.

- ઓન્ટેરિયો મેડ મેન્યુફેક્ચરિંગ ઇન્વેસ્ટમેન્ટ ટેક્સ ક્રેડિટને વધારવા અને વિસ્તૃત કરવાની દરખાસ્ત મૂકીને, ઓન્ટેરિયોમાં ઉત્પાદન અથવા પ્રક્રિયા માટે ઉપયોગમાં લેવાતી ઇમારતો, મશીનરી અને સાધનોમાં રોકાણ કરતા ધંધાઓને ટેકો આપવો. દરખાસ્ત હેઠળના ફેરફારોથી કેનેડિયન-નિયંત્રિત ખાનગી કોર્પોરેશનો (CCPCs) માટે ટેક્સ ક્રેડિટ રેટ અસ્થાયી રૂપે 10 ટકાથી વધીને 15 ટકા થશે, અને પ્રોવિન્સમાં યોગ્ય રોકાણ કરતા જાહેર કોર્પોરેશનો સહિત, બિન-CCPCs માટે ક્રેડિટના 15 ટકા નોન-રિફંડેબલ વર્ઝન માટે પાત્રતાને હંગામી ધોરણે વિસ્તૃત કરશે. આ દરખાસ્ત હેઠળના ફેરફારો આગામી ત્રણ વર્ષમાં $1.3 બિલિયનનો વધારાનો ટેકો આપીને ધંધાઓને તેઓનો ખર્ચ ઘટાડવામાં મદદરૂપ થશે.

- એક પ્રોટેક્ટિંગ ઓન્ટેરિયો એકાઉન્ટ બનાવવું, જે ભંડોળ $5 બિલિયન સુધીનું હોય જેની રચના નોંધપાત્ર ટેરિફ-સંબંધિત ધંધાકીય વિક્ષેપોનો સામનો કરી રહ્યાં હોય તેવા ધંધાઓને નોકરીઓનું રક્ષણ કરવા, ધંધાઓમાં પરિવર્તન લાવવા અને અર્થતંત્રના વ્યૂહાત્મક ક્ષેત્રોને વિકસાવવા માટે નિર્ણાયક સહાયતા પૂરી પાડવા થઈ છે. આ ભંડોળ ઉપલબ્ધ ભંડોળ વાપરી ચૂક્યા હોય તેવા ઓન્ટેરિયોના ધંધાઓ માટે તાત્કાલિક તરલતા રાહત પૂરી પાડશે.

- આગામી ત્રણ વર્ષમાં કૌશલ્ય વિકાસ ભંડોળ મૂડી અને તાલીમ પ્રવાહોમાં વધારાના $1 બિલિયનનું રોકાણ કરીને, સમગ્ર પ્રોવિન્સમાં કુશળ કામદારોને પ્રાથમિકતા ક્ષેત્રોમાં લાભદાયી કારકિર્દીમાં પ્રવેશવા જરૂરી તાલીમ મળવાની ખાતરી કરાવીને, કુલ ભંડોળ કટિબદ્ધતા $2.5 બિલિયન સુધી પહોંચશે. આ રોકાણો સંસ્થાઓને વધારે સારા તાલીમ કાર્યક્રમો આપવામાં મદદરૂપ થશે અને સમગ્ર પ્રોવિન્સમાં કુશળ કામદારો માટે તાલીમ કેન્દ્રોને અપગ્રેડ કરવામાં અને નવા કેન્દ્રો બનાવવામાં મદદ કરશે.

- પ્રોવિન્સના ગેસોલિન અને ઇંધણ કરમાં ઘટાડો કાયમી કરવાની દરખાસ્ત મૂકવી. આ પગલાથી ઘરબારોને સરેરાશ વાર્ષિક $115 ની બચત થશે.

- પ્રોવિન્સની માલિકીના હાઇવે 407 પૂર્વ પરથી ટોલ કાયમ માટે બંધ કરીને ટ્રાફિક જામ ઘટાડવામાં મદદરૂપ થવાથી, રોજિંદા પ્રવાસીઓના વાર્ષિક અંદાજે $7,200 બચવાની અપેક્ષા રાખવામાં આવે છે.

- પ્રોવિન્સના નિર્માણના પ્રયત્નોને બમણા કરવા, જેમાં વર્ષ 2025-26 માં $33 બિલિયનથી વધારે સહિત, આગામી 10 વર્ષમાં કુલ $200 બિલિયનથી વધુના આયોજિત રોકાણો સાથે ઓન્ટેરિયોના ઇતિહાસમાં સૌથી મહત્વાકાંક્ષી મૂડી યોજના સામેલ છે. 10-વર્ષીય મૂડી યોજનાની ઝાંખીઓમાં હાઇવે વિસ્તરણ અને પુનર્વસન પ્રોજેક્ટ્સના આયોજન અને બાંધકામને ટેકો આપવા માટે લગભગ $30 બિલિયન, જાહેર પરિવહન માટે આશરે $61 બિલિયન, આરોગ્ય માળખાગત સગવડોમાં આશરે $56 બિલિયન અને વધારે શાળાઓ અને બાળ સંભાળ સ્થળો બનાવવા માટે $30 બિલિયનથી વધુનું રોકાણ સામેલ છે.

"આપણાં પ્રોવિન્સને પહેલાં પણ પડકારોનો સામનો કરવો પડ્યો છે, અને આપણે પરિણામસ્વરૂપે હંમેશા વધારે મજબૂત અને વધુ સંયુક્ત બન્યા છીએ," મંત્રી Bethlenfalvy એ જણાવ્યું. "આજે, *2025 બજેટ* સાથે: *ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના*, અમે એક એવી યોજના રજૂ કરીએ છીએ જે સરકારનું દૂરંદેશીપણું અને અમને આ મહાન પ્રોવિન્સના લોકોના મળેલા આદેશને પ્રતિબિંબિત કરે છે કે ઓન્ટેરિયોના કામદારો, ધંધાઓ અને સમુદાયોને સુરક્ષિત રાખવા જરૂરી જે કંઈ હોય તે કરો."

*ઝડપી હકીકતો*

- ઓન્ટેરિયોની 2024-25 ખાધ $6.0 બિલિયન રહેવાનો અંદાજ છે — જે *2024 બજેટ*માં પ્રકાશિત અંદાજ કરતાં $3.8 બિલિયન ઓછી છે.

- સરકારની યોજના દૂરદર્શી અને જવાબદાર છે અને 2027-28 સુધીમાં બજેટને સંતુલિત કરવાનો માર્ગ જાળવી રાખે છે. સરકારે 2027-28 માં $0.2 બિલિયનના અનુમાનિત સરપ્લસ પર પરત આવતા પહેલાં, 2025-26 માં $14.6 બિલિયન અને 2026-27 માં $7.8 બિલિયનની ખાધનો અંદાજ લગાવ્યો છે.

- વાસ્તવિક GDP માં 1.5 ટકાનો વધારા સાથે, 2024 માં ઓન્ટેરિયોનું અર્થતંત્ર સ્થિતિસ્થાપક સાબિત થયું. ઓન્ટેરિયોનો વાસ્તવિક GDP 2025 માં 0.8 ટકા, 2026 માં 1.0 ટકા અને 2027 અને 2028 માં 1.9 ટકા વધવાનો અંદાજ છે.

- 2025-26 માં ઓન્ટેરિયોનો ચોખ્ખો ડેબ્ટ-ટૂ-GDP (દેવા સામે જીડીપી) પ્રમાણ 37.9 ટકા રહેવાનો અંદાજ છે. મધ્યમ ગાળામાં, 2026-27માં ચોખ્ખો ડેબ્ટ-ટૂ-GDP 38.9 ટકા અને 2027-28 માં 38.6 ટકા રહેવાની આગાહી છે.

## વધારાના સંસાધનો

વાંચો *2025 બજેટ: ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના*

વાંચો ઝાંખીઓ *2025 બજેટની: ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના*

પશ્ચાદભૂ માહિતી વાંચો: આર્થિક અને નાણાકીય સમીક્ષા

---

## મીડિયા સંપર્ક


Colin Blachar (કોલિન બ્લાચર)
Minister's Office (મંત્રી કાર્યાલય)
Colin.Blachar@ontario.ca

Scott Blodgett (સ્કોટ બ્લોગેટ)
Communications Branch (કોમ્યુનિકેશન્સ બ્રાંચ)
Scott.Blodgett@ontario.ca


news.ontario.ca/mof/en

Disponible en français